dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
February 2014 For private circulation only Vol. 06 - Issue 123-24

# દીપે અરુણું પરભાત

□ મા. કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજી, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશનના ચેરમેન ડૉ. એસ.એસ. મંથાજી, રજીસ્ટ્રારશ્રી, પરીક્ષા નિયામકશ્રી, સેનેટ-સિન્ડિકેટના સાથી મિત્રો, ડીનશ્રીઓ, વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકમિત્રો, વહીવટી કર્મચારી મિત્રો, આમંત્રિતો, વ્હાલા વિદ્યાર્થી દોસ્તો...

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આજના ૪૫મા પદવીદાન સમારંભમાં હું આપ સૌનું ઉમળકાભેર સ્વાગત કરું છું.

ઉપનિષદમાં કહેવાયું છે કે : 'અવિરામ સ્વાધ્યાય કરે છે અને પોતે અર્જિત કરેલા જ્ઞાનનું નિરંતર દાન કરતો રહે છે એ સાચો શિક્ષક છે.'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સ્થાપનાકાળથી આજપર્યંત ૪૫ વર્ષો દરમ્યાન એક અવિરત જ્ઞાનયજ્ઞ ચાલી રહયો છે. શિક્ષકના આ નિરંતર યજ્ઞ દ્વારા જે કંઈ યત્કિંચિત ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ છે એની પ્રતિતી આપણા યુનિવર્સિટી પરિવાર વિશે ભાવપૂર્ણ શ્રદ્ધા જગાડે છે.

વ્યાપક અર્થમાં જોતાં જીવન સાથે જોડાયેલા તમામ સંદર્ભો અને સંપર્કમાં આવતાં સઘળાં પરિણામો શિક્ષણની પ્રક્રિયા દ્વારા પ્રભાવિત થાય છે. શિક્ષણની પ્રક્રિયાના પરિપાકરૂપે કેવું જ્ઞાન ઉપલબ્ધ કરવાનું છે એનો પ્રતીકાત્મક નિર્દેશ આપણી યુનિવર્સિટીના ઉપનિષદ પ્રેરિત સૂત્ર - 'सत्यम् ज्ञानम् अनंतम्' - દ્વારા સૂચવાય છે. આ સૂત્ર જ્ઞાન વિશેની આપણી ભારતીય તાત્વિક સમજને પ્રકાશિત કરે છે. એનો સંકેત છેઃ દેશકાળથી પર રહેલું સત્ય જ્ઞાનસ્વરૂપ છે, જે અનંતરૂપા છે. મનોવૈજ્ઞાનિક સંદર્ભે એનું અર્થઘટન કરીએ તો શિક્ષણનું સાચું ધ્યેય સત્યની સમ્યક્ અનુભૂતિ દ્વારા તેનો આવિર્ભાવ કરવાનું છે. મનુષ્યનું અંતઃકરણ એ સૂક્ષ્મ સત્ય છે, અગાધ શકિતઓનું એ મહાસ્ત્રોત છે. આ શકિતનો ભંડાર આપણા અચેતન મનમાં સુષુપ્તપણે સમાહિત છે. એને કાર્યાન્વિત કરવા આપણા ચેતના સ્તરને અધિક પ્રબળ બનાવીએ. સર્જનાત્મક વિચારો દ્વારા પરમ શ્રદ્ધાને હૃદયસ્થ કરીને ભીતરની અગાધ શકિતઓને અંકે કરીએ. વાસ્તવમાં શિક્ષણનું વ્યાપક ધ્યેય આ જ છે.

આંતરિક શકિતઓના આવિર્ભાવ તેમ જ એના પરના આત્મનિયંત્રણ દ્વારા વ્યકિત પોતાના સર્વ પ્રકારના સંદેહ, સંશય, દ્વિધા, દ્વન્દ્વ તથા નિર્બળતાઓને અતિક્રમી શકે છે. વિશાળ જીવનદ્રષ્ટિ, મનની સ્થિરતા, નિસર્ગ સાથેનો સંવાદ, સર્વોત્તમની પસંદગી, ઉદાત રાષ્ટ્રભાવનાની ધગશ, જીવન પ્રત્યેની અનન્ય શ્રદ્ધા, વિશુદ્ધ ચારિત્ર્ય, નિરપેક્ષ પ્રેમ, સર્વધર્મ સમભાવ - આવા વિધેયાત્મક જીવનમૂલ્યો પ્રતિ અભિમુખ કરનારું જ્ઞાન કોઈપણ શિક્ષણ સંસ્થા માટે શિક્ષક-વિદ્યાર્થીના આંતર-સંબંધોની પરિણિતી બની રહે છે.

સર થોમસ આલ્વા એડિસનને કોઈ મહિલાએ પ્રશ્ન પૂછયો હતોઃ 'મિ. એડિસન ઈલેકિટ્રસીટી શું છે...?' એડિસને ઉત્તર આપેલો : 'મેડમ, ઈલેકિટ્રસિટી છે તેનો ઉપયોગ કરો.' યુનિવર્સિટીને આવો પ્રશ્ન પૂછવામાં આવેઃ 'સત્ય શું છે...?' એનો પ્રત્યુત્તર આવો હોઈ શકેઃ 'સત્ય છે એનો અનુભવ કરો, એને આત્મસાત કરો.'

સૂક્ષ્મ અને વ્યાપક સત્યને આત્મસાત કરવાની સાધના એ જ્ઞાન સંદેશ એ તો વિસ્તારની સાધના બની રહે છે. જ્ઞાનપ્રાપ્તિની દિશામાં યુનિવર્સિટી શિક્ષણની ક્રમશઃ ગતિશીલ બનેલ ધારામાં ૨૦૧૩-૧૪ના વર્ષો દરમિયાન નોંધપાત્ર બની રહેલ શૈક્ષણિક, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા લોકભાગીદારીથી સંપન્ન થઈ રહેલા રચનાત્મક પ્રકલ્પોની ઝાંખી કરાવતાં મને આનંદ થાય છે.

ઉત્તરોત્તર ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવીનીકરણની દિશામાં કદમ માંડવાની સાથે રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોજાતા પરિસંવાદોમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અધ્યાપકોએ પ્રતિનિધિત્વ કરીને ૪૨ થી વધારે સંશોધનપત્રો રજૂ કર્યા છે. આ ઉપરાંત વિવિધ વિભાગો જેવા કે, અર્થશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, કમ્પ્યૂટરસાયન્સ આદિના અધ્યાપકોએ જર્મની, ફ્રાન્સ, જાપાન, ફિલિપાઈન્સ, તાઈવાન અને સ્પેન જેવા દેશોની મુલાકાત લઈ પ્રોફેસર એકસચેન્જ યોજના અંતર્ગત વ્યાખ્યાનો આપ્યા, પેપર્સ રજૂ કર્યા છે. હાલ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં કુલ ૦૭ જેટલા મેજર અને માઈનર પ્રોજેકટ પર સંશોધનકાર્ય ચાલી રહયું છે.

કમ્પ્યૂટર સાયન્સ, ગુજરાતી વિભાગ, એમ.એસ.ડબલ્યુ, આંકડાશાસ્ત્ર જેવા વિભાગો દ્વારા રાષ્ટ્રીય અને રાજયકક્ષાના સેમિનારો, કાર્યશિબિરોનું આયોજન કરીને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓમાં સજ્જતા વધે તે માટે મોટા આયોજનો કર્યા છે.

મને કહેતા આનંદ થાય છે કે વર્તમાન શૈક્ષણિક વર્ષમાં જ જેનો આરંભ થયો છે એ ગુજરાતી વિભાગે અત્યાર સુધીમાં બે નેશનલ સેમિનાર, બે કાર્યશિબિર, ૧૯ જેટલા વ્યાખ્યાનો અને નર્મદ જયંતી, તથા કનૈયાલાલ મા. મુનશી જન્મની સવાસોમી જન્મ શતાબ્દિ નિમિત્તે પુસ્તક - 'અસ્મિતાના ઉદ્ગાતાઃ ક.મા. મુનશી'-નું પ્રકાશન કરીને એક મહત્વપૂર્ણ નજરાણું આપ્યું છે

યુનિવર્સિટીમાં કેટલાક નવતર અભ્યાસક્રમોનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં-

૧. બી.કોમ.એલ.એલ.બી. ઈન્ટિગ્રેટેડ કોર્ષ.

૨. એમ.સી.એ. ઈન્ટિગ્રેટેડ કોર્ષ.

૩. એચ.આર.ડી. ઈન્ટિગ્રેટેડ કોર્ષ.

૪. સસ્ટેઈનેબલ ડેવલોપમેન્ટ ઈન્ટિગ્રેટેડ કોર્ષ.

૫. માસ્ટર્સ ઈન સાયબર સિક્યોરિટી કોર્ષ.

૬. પી.જી. ડિપ્લોમા-રૂરલ ડેવલોપમેન્ટ.

૭. પી.જી. ડિપ્લોમા-નેચરલ રિસોર્સિમ્ડ-સર્ટિફિકેટ કોર્ષ.

૮. રિસર્ચ મેથડોલોજી-પોસ્ટ ગ્રેજયુએટ સર્ટિફિકેટ કોર્ષ.

૯. એસ.પી.એસ.એસ.માં એડવાન્સ સર્ટિફિકેટ કોર્ષ.

૧૦. માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમમાં એમ.ફિલ., પીએચ.ડી. કોર્ષ.

આ નવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં બહુપરિમાણિય શકિતઓને ખીલવા અને વિકસવા માટે વેગ મળે તે માટે યુનિવર્સિટી સક્રિય બની રહી છે તેનો આનંદ વ્યકત કરું છું.

માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ યુનિવર્સિટી પરિસરમાં ક્રમશઃ આધુનિકીકરણ થઈ રહયું છે. એમાં નવા આરંભાયેલા ગુજરાતી વિભાગ માટેનું સ્વતંત્ર ગુજરાતી ભવન, સંશોધનની દિશામાં સક્રિય એવા વિદ્યાર્થીઓને સર્વ પ્રકારની સુવિધાઓ આપનારું રિસર્ચ સેન્ટર, કલાકારોના પ્રોત્સાહન માટે આર્ટ ગેલેરી, બી.કોમ., એલ.એલ.બી.ના અભ્યાસક્રમ માટે લો-ભવન, તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી માટેનું માર્ગદર્શન મળે તે માટે ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં નથી એવું સ્વતંત્ર ભવન નિર્માણ પામી રહયું છે. આ ઉપરાંત નયનરમ્ય કેમ્પસ, પાણીની વ્યવસ્થા, બાગબગીચાઓથી સજ્જ, ભવ્ય પ્રવેશદ્વારો સાથેના આ પરિસરના વિકાસ માટે લોકભાગીદારી કરીને આ શહેરના નગર શ્રેષ્ઠીઓએ આપેલ કરોડો રૂપિયાના દાનનો મહિમા ઘણો છે. આ ઉપરાંત યુ.જી.સી.ના સહકારથી નિર્માણ પામેલું મૂલ્યાંકન ભવન તથા વિજ્ઞાન ભવનની માળખાગત સુવિધાઓ થકી યુનિવર્સિટીનો માળખાગત વિકાસ પણ સમતોલ રીતે કરવામાં આવ્યો છે.

સુરતના જ નહીં સમગ્ર ગુજરાતના યુગદ્રષ્ટા વીર નર્મદની સ્મૃતિમાં સુરત મહાનગર પાલિકા દ્વારા રૂા. ૧ કરોડનું દાન પ્રાપ્ત થયું છે. એમાંથી નર્મદ ભવનનું નિર્માણ કરવામાં આવનાર છે.

પુરુષોની બેડમિન્ટન સ્પર્ધા, ટેબલ ટેનિસ તથા મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટની વેસ્ટ ઝોન રાષ્ટ્રીય કક્ષાની રમતોનું સફળ આયોજન પરિસરમાં થઈ શકયું. પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ હવે તો દેશના સંગીત ચાહકોમાં એક વિશિષ્ટ કાર્યક્રમ તરીકે જાણીતો થઈ રહયો છે. તેના આયોજન વડે આ યુનિવર્સિટીએ પોતાની કીર્તિનો વ્યાપ વધાર્યો છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાની સંગીત સ્પર્ધાઓનું આયોજન પણ આ યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું હતું. આવા કાર્યક્રમોએ સુરતને નવી ઓળખ આપવાની દિશામાં કદમ ભર્યું છે.

લાખો પુસ્તકો ધરાવતાં યુનિવર્સિટી ગ્રંથાલયમાં મુલ્યવાન ઉમેરણ સતત ચાલી રહયું છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના છાત્રાલયની સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવી રહયો છે. ખાસ વાત નોંધવા જેવી છે તે એ કે, વિશ્વના કુલ ૦૮ દેશોમાંથી ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ સૌ પ્રથમવાર આપણી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવાનું સ્વીકાર્યું છે. આ આપણા સૌ માટે ગૌરવપૂર્ણ વાત છે.

આંતરવિદ્યાકીય તથા બહુવૈકલ્પિક વિષયોનો વધતો વ્યાપ યુનિવર્સિટીના અભ્યાસક્રમોને રચનાત્મક તથા કૌશલ્ય આધારિત શિક્ષણ વિશે આપણાં અધ્યાપકોનું ચિંતન સમાજ માટે વિધેયાત્મક પુરવાર થઈ રહયું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલા કોમર્સના વિદ્યાર્થી પોતાની અસાધારણ-આઉટસ્ટેન્ડિંગ-પ્રતિભાના કારણે માનવવિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી. કક્ષાનું સંશોધન કરવા માટે પ્રવૃત્ત થઈ શકે એવી રચનાત્મક શકયતાઓ યુનિવર્સિટીના અધિકારમંડળો ઊભી કરી રહયાં છે, એને સાર્વત્રિક આવકાર મળ્યો છે.

ઉચ્ચશિક્ષણની ડિગ્રી પ્રાપ્ત કરી નવા જોશ, ઉમંગ અને આત્મવિશ્વાસ સાથે કદમ માંડતા યુવાન વિદ્યાર્થી ભાઈ-બહેનો અનેકાનેક સફળતાઓ મેળવી અને હૃદયાનંદ પ્રાપ્ત કરી સમાજ - રાષ્ટ્ર - માનવજાતનું કલ્યાણ કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ રોશન કરે તેવી અપેક્ષા સાથે આશીર્વાદ આપું છું.

તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ



# યુનિવર્સિટી ન્યૂઝ

## ૪૫મો પદવીદાન સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૪૫ મા પદવીદાન સમારંભના કાર્યક્રમનું આયોજન બુધવાર, તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ યુનિવર્સિટીના પ્રાંગણમાં થયું હતું, જેમાં માનનીય કુલાધિપતિશ્રી અને રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજી સમારંભના પ્રમુખસ્થાને ઉપસ્થિત હતા. ડૉ. એસ.એસ. મંથા, માનનીય ચેરમેનશ્રી, ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજયુકેશન (AICTE) એ મુખ્ય મહેમાન તરીકે દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.

માનનીય રાજયપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીએ પોતાના પ્રવચનમાં યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગની શરૂઆત થઈ તેના માટે યુનિવર્સિટીને અભિનંદન આપ્યા હતા. તેમણે કહયું હતું કે, દેશના વિકાસ માટે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય સ્તરની હોવી જોઈએ. ભારતમાં અને ગુજરાતમાં ઉદ્યોગ, ટેકનોલોજી, કૃષિ વગેરે ક્ષેત્રોમાં ઘણો વિકાસ થયો છે પણ તેને જાળવી રાખવા માટે ઉચ્ચ કક્ષાના યુનિવર્સિટી શિક્ષણની જરૂરિયાત છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને NAAC દ્વારા આપવામાં આવેલ 'બી' ગ્રેડ અને ૨.૮૨ CGPA માટે ખુશી વ્યકત કરી હતી. યુનિવર્સિટીમાં જુદા જુદા નવા અભ્યાસક્રમો જેવા કે, LL.M. - Human Rights, P.G. Diploma in Human Resource Management, B.Com.-LL.B. integrated, P.G. Diploma in Corporate Legal Management અને Certificate course in SPSS શરૂ થયા છે જેના માટે તેમણે યુનિવર્સિટીને અભિનંદન આપ્યા હતા.

ડૉ. એસ.એસ. મંથાએ પોતાના દીક્ષાંત પ્રવચનમાં યુવાનોના જીવનમાં શિક્ષણના મહત્વ પર ભાર મૂકયો હતો. યુનિવર્સિટી શિક્ષણની તાલીમ પછી વિદ્યાર્થીએ તેનો અમલ સમાજમાં કરવો જોઈએ. યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં આંતર વિદ્યાકીય અભ્યાસક્રમોની શરૂઆત થઈ છે જે વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી થશે એવું તેમણે જણાવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે પોતાના સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. આ શૈક્ષણિક વર્ષમાં શરૂ થયેલ નવા અભ્યાસક્રમો, સેમિનાર અને પ્રોફેસરો દ્વારા રજૂ થયેલ શોધ નિબંધ અને સંશોધનો વિશે માહિતી આપી હતી. તેમજ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ લેવા માટે આ વર્ષે વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર છે એમ જણાવ્યું હતું.

આ પદવીદાન સમારંભમાં કુલ ૧૨ વિદ્યાશાખાની ૧૨૧ જેટલી પદવીઓ ૩૩,૪૮૬ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવી હતી. તેમજ ડી.લીટ.ની પદવીઓ પ્રખ્યાત ઈતિહાસકાર ડૉ. લીલા સરૂપ અને ગુજરાતી રંગમંચ અને ફિલ્મના સુપ્રસિધ્ધ કલાકાર શ્રી પરેશ રાવલને એનાયત થઈ હતી. તેમજ M.Phil. ની ૬૨, Ph.D.ની ૧૦૧ ડિગ્રીઓ તેમજ ૧૫૩ ચન્દ્રકો / પારિતોષિકો તેજસ્વી વિદ્યાર્થીઓને એનાયત થયા હતા.

આ સમારંભમાં મંચ પર કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, પરીક્ષા નિયામક શ્રી એ.વી. ધડુક તેમજ વિવિધ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ, સેનેટ તેમજ સિન્ડિકેટના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ સમારંભમાં મોટી સંખ્યામાં યુનિવર્સિટી પરિવારના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીગણ હાજર રહયા હતા.














## ૪૧મો યુવક મહોત્સવ

પરિણામ : ૧. એકાંકી નાટક (સ્વ. દિપકલાલ મગનલાલ રેશમવાલા વિજયપદ્મ). પ્રથમ વિજેતા - સાવ અમારી જાત અલગ છે.(એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત). દ્વિતીય વિજેતા - જલ્લાડ (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), સંભવ અસંભવ (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી). તૃતીય વિજેતા - ગ્રેજયુએટ સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત. ઈતિ-નિર્વાણ, સી.જે. પટેલ કોલેજ, વરીયાવ. શ્રેષ્ઠ દિગ્દર્શન - જલ્લાડ (પ્રા. સેનિલ વૈદ્ય કુલકર્ણી, શ્રીમતી સપના શેઠ, પ્રથમ વિજેતા - જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી. દ્વિતીય વિજેતા - સાવ અમારી જાત અલગ છે, ગિરીશ સોલંકી (એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત). શ્રેષ્ઠ લેખન - સંભવ અંસભવ (ડો. સ્વાતિ ધ્રુવ નાયક, (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી). શ્રેષ્ઠ સંગીત - ઈતિ-નિર્વાણ (દિવ્યેશ પટેલ, સી. જે. પટેલ કોલેજ, વરીયાવ). શ્રેષ્ઠ પ્રકાશ - જલ્લાડ (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દસાઈ કોમર્સ કોલેજ, અમરોલી). શ્રેષ્ઠ સન્નિવેશ - (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી). ૨. ચં. ચી. મહેતા પારિતોષિક): શ્રેષ્ઠ અભિનેતાઃ નિકુંજ કાપલાતેર - (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી), અક્ષય રાઠોડ - (એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત). શ્રેષ્ઠ અભિનેત્રીઃ પાર્થવી મેવાડા - (નારણલાલા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવસારી). શ્વેતા પટેલ - (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી) શ્રેષ્ઠ અભિનય : હેતા દેસાઈ - (સી. જે. પટેલ કોલેજ, વરીયાવ), શીલ્પી લુહાર (બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી), જીજ્ઞા ત્રિવેદી - (એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), તરંગવાળા - (જે.બી. ધારૂકાવાલા મહિલા કોલેજ, સુરત), પ્રિયંમ જાની - (સાર્વજનિક ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત), કૌશલ દમણીયા - (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દમણ), અર્જુનસિંહ ગોહીલ - (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી), આદર્શ સવાણી - (સી. જે. પટેલ કોલેજ, વરીયાવ). ૨. સમૂહ નૃત્ય (મેસર્સ લક્ષ્મીચંદ ભગાજી વિજયપદ્મ) પ્રથમ વિજેતા - સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા. દ્વિતીય વિજેતા - શ્રી જે. ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત જે. પી. ઓફ આર્ટસ કોલેજ, વલસાડ. તૃતીય વિજેતા - ઝેડ. એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત, એસ. ડી. જૈન, વેસુ, સુરત. પ્રોત્સાહન ઈનામ - સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આહવા. ૩. સમૂહ ગીત (સ્વ.ભગુભાઈ નાયક જરીવાલા વિજયપદ્મ) પ્રથમ વિજેતા - વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા. દ્વિતીય વિજેતા - એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત, બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી. તૃતીય વિજેતા - ડિપા. ઓફ ગુજરાતી, વીર નર્મદ દક્ષિંણ ગુજરાત યુનિ., સુરત, સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત. પ્રોત્સાહન ઈનામ - સરકારી બી. એડ. કોલેજ, વાંસદા, નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોર્મસ, ઝાડેશ્વર. ૪. ગરબા (રોટરી કલબ ઓફ સુરત વિજયપદ્મ) પ્રથમ વિજેતા - ઝેડ. એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત. દ્વિતીય વિજેતા - શ્રી. એસ. વી. કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત. તૃતીય વિજેતા - બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી, અંબાબા કોમર્સ કોલેજ, સુરત. પ્રોત્સાહન ઈનામ - એસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત, વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ. ૫. એક વ્યકિત અભિનય (શ્રી ધનરાજ જે. પરમાર ચેરીટેબલ ટ્રસ્ટ વિજયપદ્મ) પ્રથમ વિજેતા - જાની પ્રિયમ (સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ, સુરત), દ્વિતીય વિજેતા - શાહ નિરાલી પી. (આસ. પી. બી. ઈંગ્લીશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત), ચૌહાણ દિશા એન. (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી), તૃતીય વિજેતા - મેવાડા પાર્થીવ એસ. (નારણલાલા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, નવસારી), જાદવ ધર્મેશ એચ. (ડિપા. ઓફ ડી.બી. આઈ. એમ.), (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત). ૬. શાસ્ત્રીય નૃત્ય, (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ) પ્રથમ વિજેતા - ખત્રી જીનલ દિપકકુમાર, (સર. પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સૂરત), દ્વિતીય વિજેતા - દેસાઈ કિંજલ મનીષ, (સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત), તૃતીય વિજેતા - વશી જલધી, ( એસ. એસ. અગ્રવાલ કોલેજ, નવસારી), ત્રિવેદી હેતા રશ્મીકાંત (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોર્મસ, ઝાડેશ્વર). ૭. શાસ્ત્રીય કંઠય સંગીત (સ્વ. કુસુમબેન નટવરલાલ જરીવાલા વિજયપદ્મ) પ્રથમ વિજેતા - વશી હેતવી પી. (વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ સાયન્સ, બીલીમોરા), દ્વિતીય વિજેતા - ત્રિવેદી હેતા આર. (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ (બી.બી.એ.) , ઝાડેશ્વર), તૃતીય વિજેતા - ટેલર ધ્રુવકુમાર (સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત. ૮. હળવું કંઠય સંગીત (બેંક ઓફ ઈન્ડિયા વિજયપદ્મ) પ્રથમ વિજેતા - કેયૂર (સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), દ્વિતીય વિજેતા - (એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ, કામર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારી), પાનસુરીયા વૈશાલી (સાર્વજનિક કોલેજ ઓફ પફોર્મિંગ આર્ટસ, સુરત), તૃતીય વિજેતા - દેસાઈ માનસી આર. (આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ, ખોલવડ), પરમાર મિતલ એચ., (મુન્શી મહિલા બી. એડ. કોલેજ, ભરૂચ), પ્રોત્સાહન ઈનામ - ગોધાણી મોનીકા (શ્રી એસ. વી. કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરતક, પંડીત ઝીલ વાય. (ઝેડ. એફ. વાડિયા વિમેન્સ આર્ટસ એન્ડ એન. કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત) ૮.શાસ્ત્રીય વાદ્ય સંગીત (બારડોલી પ્રદેશ કેળવણી મંડળ વિજયપદ્મ (સ્વર વાદ્ય) : પ્રથમ વિજેતા - વાઘેલા કેયૂર (સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), દ્વિતીય વિજેતા - આનંદ આમ, પલસાનાવાલા (સાર્વજનિક કોલેજ ઓફ પફોમિંગ આર્ટસ, સુરત), તૃતીય વિજેતા - પરવતીયા મિલીન્દ્ર એમ. (સી. જે. પટેલ કોલેજ, વરીયાવ), શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ) પ્રથમ વિજેતા - પાલ કુલદીપ આર. (શ્રીમતી જી. એન. પંડયા બી. એડ. કોલેજ, ભેસ્તાન), દ્વિતીય વિજેતા - ટાંક અક્ષય આર. (અખંડ આનંદ કોલેજ આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ, સુરત), તૃતીય વિજેતા - સરવાન શ્રીરામ (ભગવાન મહાવીર બી. સી. એ. કોલેજ, ભરથાણા). ૧૦. હસ્તકળા : (સ્વ. ઠાકોરભાઈ (ભાગોદ) વિજયપદ્મ) પ્રથમ વિજેતા - ગાંધી સાગર, ડિપા. ઓફ અંગ્રેજી (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), પટેલ હેતલકુમારી સી. (વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ

કોલેજ, ધરમપુર), દ્વિતીય વિજેતા - સોલા કીરણ રમેશભાઈ (એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), રાજપૂત ગજેન્દ્ર (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ, નવસારી), તૃતીય વિજેતા - ગોળકીયા એકતા (જે. બી. ધારુકાવાળા મહિલા), ચૌહાણ તૃપ્તિ (જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ,
અમરોલી), ચતુર્થ વિજેતા (પ્રોત્સાહન) - શાહ ભકિત એમ. (એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત), મમતા જૈન (ડિપા. ઓફ કોમ્પ્યુટર સાયન્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), મલેક રીયાસ, (બી. બી. એ. નવનિર્માણ, ભરથાણા ), ખોલીયા દર્શન, (અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સુરત), કરીશ્યા એ. ખાન (ડિપા. ઓફ ડી. બી. આઈ. એમ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત). ૧૧. શીઘ્ર ચિત્ર સ્પર્ધા : પ્રથમ વિજેતા - પટેલ તુષાર કે. (ડિપા. ઓફ અંગ્રજી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત), ઠાકોર વિરેન્દ્ર એ. (બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, નવસારી), દ્વિતીય વિજેતા - નિશાદ બલજીત બી (અખંડ આનંદ આર્ટસ એન્ડ કાર્મસ કોલેજ, સુરત), પટેલ બીજલ એ. (એસ. એસ. અગ્રવાલ કોલેજ ઓફ આર્ટસ, કામર્સ એન્ડ, નવસારી), તૃતીય વિજેતા - ચૌહાણ જીગીષા સી. (નવયુગ આર્ટસ કોલેજ, સુરત), નીશાદ નીલમ આર. (શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ બી. સી. એ. સુરત), ચતુર્થ વિજેતા (પ્રોત્સાહન) - રાઠોડ યોગેશ બી. (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), લીશા ગાયકવાડ (શ્રીમતી ઝેડ. એસ. પટેલ કોલેજ ઓફ બી. સી. એ. સુરત), જાદવ રાહુલ એ. (સર પી.ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત), ટ્રીમલ શાહ (ડિપા. ઓફ ડી. બી. આઈ. એમ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ., સુરત), પરમા મેહુલભાઈ (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર). ૧૨. કાવ્ય પઠન - પ્રથમ વિજેતા - મહેતા દિવ્યા વિજયકુમાર (શ્રી એસ. વી. કોલેજ ઓફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુરત), દ્વિતીય વિજેતા - પરમાર જેની એન. (ડિપાર્ટમેન્ટ ઓફ અંગ્રેજી, વી. ન. દ. ગુ. યુનિ., સુરત), સચીન જોષી, (સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય વિજેતા - પટેલ અનીતા એ. (આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ, મોટાપોંઢા), મકવાણા નિકિતા જી. (વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ., સુરત). ૧૩. પાદ્ પૂર્તિ : પ્રથમ વિજેતા - જરીવાલા ડેનિસ એચ. (એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત), દ્વિતીય વિજેતા - પટેલ પંકજકુમાર જી. (વી. ટી. ચોકસી બી. એડ. કોલેજ સુરત), તૃતીય વિજેતા - પંડયા શ્યામભાઈ જે. (ડિપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, વી. ન. દ. ગુ. યુનિ., સુરત), જમોડ રાજેશ જીવણભાઈ (સર. પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત). ૧૪. નવલિકા લેખન : પ્રથમ વિજેતા - જમોડ રાજેશ જીવણભાઈ (સર. પી. ટી. સાર્વજનિક સાયન્સ કોલેજ, સુરત).

## 41st Inter College Athletic Meet 2013-14

**(Man)**:**100 M. Run.** I Valvi Rajivbhai R. (Shah N. H. Commerce College, Valsad), II Gamit Yosef M. (Arts & Commerce College, Buhari),III. Chaudhari Sunil R. (Arts & Commerce College, Vyara) **200 M. Run.** I Chaudhari Sunil R. (Arts & Commerce College, Vyara) II Gamit Yosef M. (Arts & Commerce College, Buhari) III Valvi Rajivbhai R.(Shah N. H. Commerce College, Valsad), **400 M. Run.** I Chaudhari Sunil R. (Arts & Commerce College, Vyara) II Chaudhari Naresh N. (Arts & Commerce College, Buhari) III Vasava Sandip N. (R. M. Commerce College, Rajpipla), **800 M. Run.** I Chaudhari Sunil R. (Arts & Commerce College, Vyara) II Mokashi Arvindbhai S. (Arts & Commerce College, Dharampur) III Chaudhari Harshad S. (Arts & Commerce College, Vyara), **1500 M. Run.** I Chaudhari Sunil R. (Arts & Commerce College, Vyara) II Mokashi Arvindbhai S. (Arts & Commerce College, Dharampur) III Chaudhari Harshad S. (Arts & Commerce College, Vyara), **5000 M. Run.** I Gavit Muralibhai T. (Govt. Arts & Commerce College, Vansda) II Mokashi Arvindbhai S. (Arts & Commerce College, Dharampur) III Vasava Manish T. (Arts & Commerce College, Bharuch), **10000 M. Run.** I Mokashi Arvindbhai S. (Arts & Commerce College, Dharampur) II Gavit Muralibhai T. (Govt. Arts & Commerce College, Vansda) III Devaliya Jigneshbhai C. (Arts & Commerce College, Dharampur), **110 M. Run.** I Vasava Dharamsinh J. (Arts & Commerce College, Mandvi) II Patel Chintan T. (NavyugScience College, Surat) III Chaudhari Pinal A. (Smt. J. P. Shroff Arts College, Valsad), **(BOYS): 400 M.Hurd** .I Chaudhari Harshad S. (Arts & Commerce College, Vyara) II Chaudhari Pinal A. (Smt. J. P. Shroff Arts College, Valsad) III Vasava Dharamsinh J. (Arts & Commerce College, Mandvi), **High Jump.** I Shaikh Sohel H. (Arts & Commerce College, Olpad) II Chauhan Devendrasinh R. (Arts & Science College, Bharuch) III Kurkutiya Sanjay B. (Arts & Commerce College, Killa-Pardi), **Long Jump.** I Gamit Silvansh M. (Arts & Commerce College, Vyara) II Valvi Rajivbhai R. (Shah N. H. Commerce College, Valsad) III Shaikh Sohel H. (Arts & Commerce College, Olpad), **Triple Jump.** I Pathan Faisal L. (S.P.B. Eng. Med. College, Surat) II Gamit Divyesh N. (Arts & Commerce College, Vyara) III Sharma Dhaval P. (Arts & Commerce College, chikhli), **Shot Put.** I Jograna Mahesh R. (Navyug Arts College, Surat) II ATSU Komlan Bouka (Dept. of Public Admi., V.N.S.G.Uni., Surat) III Siddiki Arifali A. (Smt. G. N. Pandya Comm., Bhestan), **Discus Throw.** I Yadav Jitesh N. (Dolat-Usha Insti. of App. Sci., Valsad) II Patel Pushpak B. (C. P. D. C. P. E., Rajpipla) III Goswami Dipeshgiri N. (Smt. G. N. Pandya Comm., Bhestan), **Javelin Throw.** I Rudani Ashok T. (Navyug Commerce College, Surat) II Yadav Kalpesh R. (Navyug Arts College, Surat) III Vilavil Veedu Prince L. (Ambaba Comm. & B.C.A. Coll., Sabargam), **Hammer Throw.** I Yadav Jitesh N. (Dolat-Usha Insti. of App. Sci., Valsad) II Patel Rohit N. (Arts & Science College, Bilimora) III Multani Sohil A. (UCCC & SPBCBS & UACC IT, Ushana. **BOYS: 4 x 400 mts. Realy (I)**. I Gamit Divyesh N, Chaudhari Harshad S, Chaudari Sunil R, Chaudhari Vijay M, (Arts & Commerce College, Vyara), **4 x 400 mts. Realy (II)**. II Chaudhari Naresh N, Chaudhari Hiren M, Gamit Yosef M, Gamit Rahul F, ( Arts & Commerce College, Buhari), **50 mts Run Handicap.** I Vasava Jagdish R. (Arts & Commerce College, Bharuch) II Mahla Ashokbhai L, (Arts & Commerce College, Dharampur) III Sondigara Dilip L. (J. D. Gabani Commerce College, Surat), **Shot Put Handicap.** I Desai Ankit M. (Arts & Commerce College, Bardoli) II Vasava Jagdish R. (Arts & Commerce College, Bharuch) III Mahla Ashokbhai L. (Arts & Commerce College, Dharampur), **4 x 100 mts. Realy** (I). I Gamit Silvansh M, Gamit Divyesh N , Chaudhari Sunil R ,Chaudhari Vijay M, (Arts & Commerce College, Vyara), **4 x 100 mts. Realy** (II) .II Chaudhari Naresh N, Chaudhari Hiren M, Gamit Yosef M, Gamit Rahul F,

(Arts & Commerce College, Buhari), **4 x 100 mts. Realy** (III). III Bagul Ashishbhai S, Valvi Rajivbhai R, Mokashi Vipul M, Bhovar Yogeshbhai R, (Shah N. H. Commerce College, Valsad)

**Individual Champion (Men) : Chaudhari Sunil R. (Arts & Comm. Coll., Vyara)**

(**WOMEN**):**100 M. Run.** I Gamit Vanita N. (Arts & Commerce College, Vyara) II Chaudhari Nikita S. (Arts & Commerce College, Mandvi) III Gamit Babita B. (Arts & Commerce College, Vyara)

**200 M. Run.** I (Arts & Commerce College, Vyara) II (Arts & Commerce College, Vyara) III (Arts & Commerce College, Chikhli), **400 M. Run.** I Gamit Vanita N. (Arts & Commerce College, Vyara) II Gamit Urmila D. (Arts & Commerce College, Vyara) III Bhoya Hemangini I. (Arts & Commerce College, Chikhli), **800 M. Run.** I Gamit Hina S. (Arts & Commerce College, Vyara) II Gamit Urmila D. (Arts & Commerce College, Vyara) III Bhoya Hemangini I. (Arts & Commerce College, Chikhli), **1500 M. Run.** I Gamit Hina S. (Arts & Commerce College, Vyara) II Gamit Urmila D. (Arts & Commerce College, Vyara) III Gamit Mandika N. (Arts & Commerce College, Buhari), **3000 M. Run.** I Gamit Urmila D. (Arts & Commerce College, Vyara) II Gavali Sarswatiben S.(Arts & Commerce College, Dharampur) III Kurkutiya Nirmben R. (Arts & Commerce College, Chikhli), **100 M. Hurd.** I Gamit Vanita N. (Arts & Commerce College, Vyara) II Gamit Babita B. (Arts & Commerce College, Vyara) III Bhoya Hemangi I. (Arts & Commerce College, Chikhli), **50 M Run Handicap** I Domadiya Urmila A. (Shree J. D. Gabani Comm. Coll., Surat) II Singh Preeti B. (UCCC & SPBCBA & UACCAIT, Udhna) III Patel Kirtiben I. (Arts & Commerce College, Dharampur), **Shot Put Handicap** I Singh Preeti B. (UCCC & SPBCBA & UACCAIT, Udhna) II Patel Kirtiben I. (Arts & Commerce College, Dharampur) III Domadiya Urmila A. (Shree J. D. Gabani Comm. Coll., Surat) **GIRLS : Long Jump** I Gamit Babita B. (Arts & Commerce College, Vyara) II Soni Shreya M.(Sir K. P. Colleg of Commerce, Surat) III Bhoya Hemangi I. (Arts & Commerce College, Chikhli), **Triple Jump** I Gamit Babita B. (Arts & Commerce College, Vyara) II Gamit Hina S. (Arts & Commerce College, Vyara) III Soni Shreya M. (Sir K. P. Colleg of Commerce, Surat), **High Jump** I Soni Shreya M. (Sir K. P. Colleg of Commerce, Surat) II Gamit Babita B. (Arts& Commerce College, Vyara) III Patel Arti S. (J.P.P. Arts & Comm. College, Pardi), **Shot Put** I Gamit Saritaben B. (Arts & Commerce College, Vyara) II Ribadiya Mayuri K. (Sir K. P. Colleg of Commerce, Surat) III Vithani Ruta J. (Navyug Science College, Surat), **Discus Throw** I Patel Tarunikaben N. (Arts& Commerce College, Dharampur) II Vithani Ruta J. (Navyug Science College, Surat) III Gamit Aminaben Z. (Arts& Commerce College, Vyara), **Javelin Throw** I Patel Hetalben N. (Arts& Commerce College, Dharampur) II Vithani Ruta J. (Navyug Science College, Surat) III Gamit Aminaben Z. (Arts& Commerce College, Vyara), **GIRLS :4 x 100 mts.** Realy (I) I Gamit Urmila D, Gamit Babita B, Gamit Vanita N, Gamit Hina S, (Arts & Commerce College, Vyara), **4 x 100 mts. Realy** (II) II Chaudhari Bhavika N, Chaudhari Hemangini D, Chaudhari Payel R., Gamit Mandika N, (Arts & Commerce College, Buhari), **4 x 100 mts. Realy** (III) III Bhoya Hemangi I, Deshmukh Heenakumari I, Pawar Shital S, Kurkutiya Nirmaben R, (Arts & Commerce College, Chikhli) **Individual Champion (Women) : Gamit Vanita N., Arts & Comm. Coll., Vyara.**

## MHRD

**Picnic**

Department organized one day picnic for student of MHRD and MLW to Mahal forest in Dang district. At Mahal forest students enjoyed tracking and camp fire. This Picnic was a great fun especially for the nature lovers.

**Utarayan Educational Seminar**

Department organized a small inspirational show with students on 13th January, 2014. The show was managed by "KARUNA", an NGO from Surat. The show focused on the adverse impact of kite flying day on innocent birds. Karuna volunteers explained how kite flying can become dangerous for innocent birds. Small but very informative videos were shown by Karuna team members. They also explained the different ways to save the birds during the kite flying day.

**Students Achievements**

- Mr. Parth Patel (student of MLW Semester IV) is honored for his contribution in the game of Lawn Tennis in inter university Lawn Tennis tournament. Total 23 Universities from Gujarat, Maharastra, Rajasthan, Goa and Madhya Pradesh took part in this tournament. Veer Narmad South Gujarat University stood 4th. Mr. Parth Patel, Mr. Jay Gandhi, Mr. Jaykumar Patel, Mr. Divyesh Tomar are selected from Surat city. Gujarat team stood first, second position was the Mumbai team, third position went to Pune team and Surat team won the fourth position in this tournament.

- Ms. Sapna Raj (student of MHRD Semester IV) is honored Volley Ball in Inter University Beach Volley Ball Tournament at the State level.

- Ms. Mitali Pandya (student of MHRD Semester II) and Mr. Suresh Patil (student of MLW, Semester IV) won the first Prize in advertisement making competition held on 18th January, 2014 at Mass Communication Department in Veer Narmad South Gujarat University.

**Sports Day Celebration**

Department organized Sports day on 20th January, 2014. Total 102 Students took part in various sports like Volley ball, Badminton, Table Tennis, Carom, Chess, Musical chair etc. Student took part with full energy and had lots of fun.

**Seminars and Conferences**

- Prof. Kiran Pandya and Dr. Smruti Bulsari presented a paper on Traffic Rules Awareness and Violations in Surat City in the National Seminar on India's Urban Environment - A Changing Scenario, organized by Planning Commission's Centre for Planning in Research and Development (CPD), hosted by the Department of Economics, M S University of Baroda, Vadodara during January 17-18, 2014.

- Dr. Smruti Bulsari and Ms. Neha Raval attended a workshop on Big data Analytics, an upcoming concept in the area of Statistical Analysis, organized by Wiley India Pvt. Ltd.,hosted by Vivekananda Institute of Technology, Chembur, Navi Mumbai during January 21-13,2014. Topics of fetching and Big data, distributing it, analyzing and

reassembling were covered. Introduction to R and Tableau was given for using these softwares for Big Data analysis.

- Dr. Digvijay Thakore presented a paper on "Transformationl Leadership in the Era of Change" in Global Conference on Service Management, jointly organized by AURO University, Surat and Manning School of Business Umass, Lowell, USA on January 4th and 5th, 2014.

**Guest Lectures**

- Department Organized guest lecture of Mr. Himanshu M. Bhatt on 08/01/2014. His topic of discussion was "Growth path-Road Ahead" in which he emphasized on different stages of executive jobs. He talked about desired attributes and behavior of inspiring leaders. He also focused on next generation leaders (born after 2000). he explained about professional (most admired) and unprofessional conducts also. He shared "success mantra" in HR field with students.

- Dr. Anand Bardhan, an Historian from Delhi University, was invited by veer Narmad South Gujarat University on 24/01/2014 to address students of MHRD & MLW program on "Continuity of Culture". He Spoke about ancient culture of India and showed significance of Indian culture. He showed importance of Indian culture not only in India but in foreign countries also, He explained about Indian traditions, values and believes.

## તાલીમ

અર્થશાસ્ત્ર વિભાગ ખાતે તા. ૮-૨-૧૪ના રોજ નેશનલ ટ્રેઈનીંગ એન્ડ કન્સલટન્સી, સુરત દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં એક ટ્રેઈનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓમાં Effective Communication Skills, Public Speaking, Interview Winning Skills અને Presentation Skills નો વિકાસ થાય અને ભવિષ્યમાં વિદ્યાર્થીઓને નોકરી માટે ઈન્ટરવ્યુનો સામનો કરવામાં સરળતા પડે તે વિષય પર ટ્રેઈનીગ આપવામાં આવી હતી.

## Seminar

A State Level Seminar was organized on 21st December, 2013. The theme of the seminar was - Protection of Human Rights. The Former Member of Law Commission of India and Gujarat Dr. H. C. Dholakia was the Chief Guest. Vice Chancellor Dr. Thakar was the chair person of Inauguration session. Advocate Shri. Jivarajbhai Vasoya was the Guest of Honor. About 100 participants had registered their names and 30 Research scholar had presented their papers on different issues related to Human Rights Viz. good governance, Development, Criminal Justice System, Science and Technology etc.

## Lectures

Dr. Coomi Vevaina, Professor, Department of English, University of Mumbai, Mumbai, delivered two lectures on the topics of "The Application of Post Jungian Archetypal theory to Shakespeare's plays" and "Soft skills neccessary of effective teaching" at Department of English, Veer Narmad South Gujarat University, Surat, on 30 January, 2014. Dr. Rakesh Desai, Head, Department of English, introduced Prof. Coomi Vevaina. The two lectures were followed by interactive sessions. The vote of thanks was proposed by Ms. Elizaveta Aleynikova, a Russian student of the Department.

# કોલેજ ન્યૂઝ

## આરોગ્ય

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ, ચીખલી દ્વારા રકતદાન ૨૦૧૪, તા. ૧૩-૦૧-૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યુ હતું. તેમાં બી.સી.એ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૫૧ બોટલ રકતદાન કરવામાં આવ્યુ હતું. કોલેજના ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ, સેક્રેટરીશ્રી દર્શનભાઈ દેસાઈ ઈ.ચા. આચાર્યશ્રી અશોકસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ અને રીસર્ચ સેન્ટર અને કાળીદાસ હોસ્પિટલ, દ્વારા ખાતે વિનામુલ્યે અને પ્રસુતિપૂર્વે તપાસ, નિદાન અને કેમ્પ તા. ૧૫-૧૨-૧૩ ના રોજ સ્વ. ડૉ. મારકંડ ભટ્ટની જન્મ જયંતી નિમિતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ દર્દીઓને નિષ્ણાંત ડૉ. નિતિન વશી, ડૉ. મીના કાલરા, ડૉ. પીયુષ ગુજરાતી, અને ડૉ. કૃતિ શાહ દ્વારા તપાસી મફત દવા આપી હતી અને પ્રસુતિપૂર્વે તપાસ ડૉ. નિતિન પારેખ દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પમાં ઈન્ટર્ની અને કોલેજના વિદ્યાર્થીઓએ સેવા આપી હતી. આ કેમ્પનું આયોજન આચાર્ય ડૉ. જયોતિ રાવ અને ડૉ. મીના કાલરાના માર્ગદર્શન સફળતા પૂર્વક કર્યું હતું.

ઈવનીગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૩-૧૨-૧૩ અને ૨૬-૧૨-૧૩ના રોજ એફ.વાય.બી.કોમના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે થેલેસેમીયા તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## સ્પર્ધા

કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ પ્રોફેશનલ સ્ટટીઝ, ચીખલીના ગ્રંથાપાલ શ્રી મનીષકુમાર સુમનભાઈ પટેલે દ્વારકા ખાતે તા. ૦૯-૧૦-૧૧ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ યોજાયેલ ૪થા રાષ્ટ્રીય ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, અમદાવાદનો ૩૦મા ત્રિદિવસીય પરિસંવાદમાં "ગ્રંથાલયો અને માહિતી સેવાઓમાં સામાજિક માધ્યમનો ઉપયોગ" પેપર રજૂ કર્યું હતું અને આ પરિસંવાદમાં ૪૦ વર્ષથી નીચેના ગ્રંથપાલો તથા શિક્ષકોના વર્ગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે તારીખ ૨૬-૧૨ તા. ૨૭-૧૨-૧૩ દરમ્યાન રમતોત્સવ યોજાયો જેમાં સો મીટર દોડ બહેનોમાં પ્રથમ વસાવા શિલ્પાબેન રાજુભાઈ, દ્વિતીય પટેલ ગાયત્રીબેન નાથુભાઈ અને તૃતીય વસાવા પારૂલબેન રહયા હતા. ભાઈઓમાં પ્રથમ સોલંકી જીતેન્દ્રભાઈ અને દ્વિતીય હળપતિ અનિલભાઈ રહયા હતા. સંગીતખુરશી ભાઈઓમાં પ્રથમ બારીયા હિતેશભાઈ અને બહેનોમાં પ્રથમ તડવી મોહિનાબેન રહયા હતા. સિકકા શોધમાં ભાઈઓમાં પ્રાથમ તડવી વિપુલભાઈ ઉકડભાઈ અને દ્વિતીય ભગત અમીતભાઈ રહયા હતા. જ્યારે બહેનોમાં પ્રથમ વસાવા જયાબેન અને દ્વિતીય પટેલ દિપ્તીબેન રહયા હતા. જ્યારે ડબ્બા ફોડ સ્પર્ધામાં બહેનોમાં પટેલ પ્રિયંકા, વસાવા મનીષાબેન, વસાવા વત્સલાબેન તેમજ પરમાર પ્રવિણાબેન વિજેતા રહયા હતા. જ્યારે ભાઈઓમાં વસાવા મહેન્દ્ર, બારિયા રાકેશ, તડવી કમલેશ, તડવી ભરત, નડવી બાલકનાથ, શર્મા ગોપાલકૃષ્ણ વિજેતા રહયા હતા. જ્યારે કોથાળા કૂદમાં બહેનોમાં પરમાર નિરમા, વસાવા કલાવતી, વસાવા દિપીકા અને પટેલ પ્રિયંકા વિજેતા રહયા હતા. લીબુ ચમચીમાં બહેનોમાં પ્રથમ ચૌધરી સરસ્વતી અને દ્વિતીય પટેલ પ્રિયંકા, ભાઈઓમાં પ્રથમ ચૌધરી અમિત અને દ્વિતીય માછી તેજસ રહયા હતા. જ્યારે દોરાડાખેચમાં બહેનોમાં દિપીકાગૃપ વિજેતા રહયા જ્યારે ભાઈઓમાં અમિતગૃપ વિજેતા રહયુ હતુ.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં ૩૦/૧૨/૧૩ના રોજ વાનગી સ્પર્ધા અને ફન-ફેરનું આયોજન કરાવામાં આવ્યું હતું વાનગી સ્પર્ધામાં પ્રથમક્રમે શેખ મીનાઝ એસ., દ્વિતીય ક્રમે પટેલ નીલમ બી., અને તૃતીય ક્રમે પટેલ હીરલ અને. વિજેતા થયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રા. ડૉ. પારૂલબેન નાયકે ભૂમિકા ભજવી હતી.

બી. જે. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ખેલકૂદ-યોગ- વ્યાયામધારા અંતર્ગત રમતોત્સવ યોજાયો. જે અંતર્ગત ઈન્ડોર અને આઉટડોર વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં એક મિનિટ સ્પર્ધા, કેરમ, સીકકા શોધ, ચેસ, સ્મૃતિ કસોટી. ટેબલ ટેનીસ તેમજ ખો-ખો, વોલીબોલ, લીંબુ ચમચી, સોયદોરો, કેળાકૂદ, ઝડપી ચાલ ૧૦૦ મીટરની દોડ, સંગીત ખુરશી અને ક્રિકેટ જેવી વૈવિધ્યસભર રમત ગમતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

તા. ૭/૧/૧૪ના દિને ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના સિટીઝન કોમર્સ કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપક્રમે વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓ જેમ કે ગુજરાતી ગીત પુસ્તક સમીક્ષા શીઘ્ર વકતૃત્વ, કવીઝ, ટ્રેઝર હન્ટ મેનેજમેન્ટ સ્કીલ્સ, પ્રેઝન્ટેશન સ્કીલ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરની વિવિધ શાળાના તેમજ સંલગ્ન વિવિધ કોલેજના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજ 'ડી' ઝોન ક્રિકેટ ભાઈઓની સ્પર્ધામાં વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજ વિરુધ્ધ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ચીખલી વચ્ચે રમાઈ. જેમાં વલસાડની કોમર્સ કોલેજે વિજય મેળવ્યો હતો.

બી.જે. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં સ્વામી વિવેકાનંદની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રા. કનુભાઈ સ્વાગીયાએ સ્વામી વિવેકાનંદ વિશે વકતવ્ય રજૂ કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે અકિલાબાનું તથા દ્વિતીય ક્રમે ટંડેલ મમતાબેન રહયા હતા.

વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ રાઈફલ શુટીંગ ટુર્નામિન્ટનું આયોજન કે.પી.ઈવનીંગ કોર્મસ કોલેજમાં કરવામાં આવ્યું હતું. જેમાં વી.એસ.પટેલ કોલેજના ખેલાડીઓ વ્યકિગતગત ચેમ્પીયન બન્યા હતાં. અને ટીમ ચેમ્પીયનશીપમાં રનર્સઅપ બન્યા હતા. ઓલ ઈન્ડીયા ઈ.યુનિ.રા. શુટીંગમાં કોલેજનાં ૩ અને પિસ્તોલ શુટીંગમાં ૪ ખેલાડી ભાઈઓ-બહેનો પંસદગી પામી ચંદિગઢ મુકામે રમવા જવાના છે. ૧) દાણી ચૈતાલી એસ., રા.શુટીંગમાં-ચેમ્પીયન, ૨) મિસ્ત્રી સેજલ એમ., રા.શુટીંગમાં-તૃતીય, ૩) પટેલ રાખી આર., પિસ્તોલશુટીંગ-તૃતીય, ૪) પટેલ નિલય યુ. રા.શુટીંગમાં-ચેમ્પીયન, ૫) પ્રજાપતિ રમેશ એમ., પિસ્તોલશુટીંગ રનર્સઅપ, ૬) પટેલ મહેશ એસ., પિસ્તોલશુટીંગ-તૃતીય, ૭) પટેલ જીગર આઈ., પિસ્તોલશુટીંગ-ચોથો નંબર.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં ઈન્ટર કોલેજ કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામં આવ્યું હતું. વાપીથી ભરુચ સુધીની વિવિધ કોલેજના ૬૦ જેટલા ઉગતા કવિઓએ પોતાની કવિતા, ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં રજૂ કરી હતી સ્પર્ધાના નિણાયકો તરીકે પ્રિ. પજ્ઞાબેન વશી, પ્રા. જૈનિશભાઈ ભગત, શ્રીમતી રશ્મિબેન ઝાએ ઉમદા સેવા આપી હતી. સ્પર્ધાના અંતે ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી જરીવાલા તથા મહેમાનોને શુભહસ્તે ટ્રોફી તેમજ દરેક સ્પર્ધકોને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. પ્રથમ વિજેતા-શ્રી. ડેનિશ જરીવાલા, (એમ. ટી. બી. આર્ટસ કોલેજ, સુરત), દ્વિતીય વિજેતા-શ્રી. સચીન જાષી, (સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), તૃતીય વિજેતા-કુ. મકવાણા નિકીતા, (વિવેકાનંદ બી. એડ. કોલેજ, સુરત), આશ્વાસન ઈનામ-કુ. વિરાજ દેસાઈ, (એમ. ટી.બી. આર્ટસ કોલેજ, સુરત), અશ્વાસન ઈનામ-કુ. વર્તિકા કોથીવાલા (વી.વી. ડબ્લયુ. સી.સી., સુરત.)

## વાર્ષિકોત્સવ



તા.૩૧, ડિસેમ્બરના રોજ વર્ષ ૨૦૧૩-૧૪ના નવયુગ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીમંડળ ઉપક્રમે વાર્ષિક ઉત્સવમાં ભાગરૂપે સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓએ ગીતો, સમુહનૃત્ય રાસ વગરે કૃતિઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલ અને અધ્યાપકોએ પણ સુંદર ગીતો ગાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

## પરિસંવાદ

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરતના ચેરમેનશ્રી ડૉ. દશરથભાઈ ધનસુખલાલ પચ્ચીગરના ૮૩ માં જન્મદિને તા. ૨૯-૧૨-૧૩ના રોજ હેદરાબાદના ડૉ. એસ. પ્રવિણકુમારના સ્પીકર પદે, કૃષિબજાર, સુરત ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જે દરમ્યાન પ્રજાને પ્રેરણારૂપ તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસ હેતુ ઉપયોગી, (ડૉ. દશરથકાકા)એ તેમના દેહત્યાગ બાદ દેહદાન ઉપર્યુકત કોલેજને કર્યું છે. આ જાહેરાત સુરતના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલની ઉપસ્થિતમાં કરેલ હતી.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com